


## પ્રધાનમંત્રીની ચેતવણી

પાંચ દેશોના પ્રવાસના ભાગ રૂપે સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત લીધા પછી નેધરલેન્ડ પહોંચેલા પ્રધાનમંત્રી મોદીએ ત્યાં ભારતીય સમુદાયને સંબોધનમાં યોગ્ય રીતે કહ્યું હતું કે જો વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ ઝડપથી સુધરશે નહીં, તો વિશ્વની મોટી વસ્તી ફરીથી ગરીબીમાં ફસાઈ જશે. આ ચેતવણી આપતાં, તેમણે અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ અને તેના પરિણામે હોર્મુઝ સમુદ્રના અવરોધને કારણે ઉદ્ભવેલા સંકટનો ઉલ્લેખ કર્યો. તેમનું કહેવું સાચું છે કે આ દાયકા એક આપત્તિ જેવું લાગે છે, કારણ કે પહેલા કોવિડ રોગચાળાએ વિશ્વને આર્થિક સંકટમાં ધકેલી દીધું, પછી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું.

આ પછી, ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે લશ્કરી મુકાબલો શરૂ થયો. પરિણામે, હોર્મુઝ સમુદ્ર દ્વારા ખાડી દેશોમાંથી ઉર્જા પુરવઠો ભારે ખોરવાઈ ગયો. આ વિક્ષેપ આજે પણ યથાવત છે. પરિણામે, સમગ્ર વિશ્વ ઉર્જા સંકટનો સામનો કરી રહ્યું છે. તેલ અને ગેસ પુરવઠાની અછતને કારણે, લગભગ તમામ દેશોએ પેટ્રોલિયમના ભાવમાં વધારો કરવો પડ્યો છે. ભારતે પણ તાજેતરમાં તેમના ભાવમાં વધારો કર્યો છે. એવી શક્યતા છે કે આગામી દિવસોમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં ફરી વધારો કરવો પડે. પેટ્રોલિયમના વધતા ભાવ સમગ્ર અર્થતંત્રને અસર કરે છે અને ફુગાવામાં વધારો કરે છે. ગરીબો આનાથી સૌથી વધુ પ્રભાવિત થાય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં જ્યારે ભારત લાખો લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં સફળ રહ્યું છે, ત્યારે આ બાબતથી વધુ ચિંતાજનક કંઈ હોઈ શકે નહીં કે તેમાંથી ઘણા લોકો ફરીથી ગરીબીમાં ફસાઈ જવાના ભયનો સામનો કરી રહ્યા છે. આ ભય ફક્ત ભારતીયો જ નહીં પરંતુ અન્ય વિકાસશીલ અને ગરીબ દેશોના લોકો પણ અનુભવી રહ્યા છે. યુદ્ધો માત્ર ઉર્જા પુરવઠાને અસર કરતા નથી પરંતુ પુરવઠા શૃંખલાઓને પણ નકારાત્મક અસર કરે છે, જેના કારણે ફુગાવો વધે છે. વિશ્વની મોટી વસ્તી સામે કટોકટી વધતી જાય છે તેમ છતાં, શક્તિશાળી રાષ્ટ્રો જવાબદારીપૂર્વક કાર્ય કરશે અને સંઘર્ષ અને તણાવને સક્રિય રીતે ઘટાડશે કે કેમ તે શંકાસ્પદ છે.

એ વાતને અવગણી શકાય નહીં કે તાજેતરના સમયમાં યુનાઈટેડ સ્ટેટ્સે તેની ટેરિફ નીતિઓથી ઘણા દેશોને હેરાન કર્યા છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે તેણે પરિણામોની પરવા કર્યા વિના ઈઝરાયલ સાથે મળીને ઈરાન પર હુમલો કર્યો છે. વિશ્વમાં સ્થિરતા અને શાંતિ પરત આવવાની કોઈ ખાતરી ન હોવાથી, ભારત સરકારે એવી નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે જે ખરેખર આર્થિક રીતે નબળા લોકોને સશક્ત બનાવી શકે. કલ્યાણકારી નીતિઓ મત માટે નહીં પરંતુ ખરેખર ગરીબ વર્ગોને સશક્ત બનાવવા માટે લાગુ કરવી જોઈએ.

તંત્રી : પ્રકાશ ચૌધરી

# ગુજરાતમાં બનશે સુપર ચિપ્સઃ નેધરલેન્ડ્સની સેમિકન્ડક્ટર કંપની સાથે ભારતની મેગા ડીલ

નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના પાંચ દેશોના પ્રવાસના બીજા દિવસે નેધરલેન્ડ પહોંચ્યા છે. ૯ વર્ષ બાદ આ યુરોપીય દેશની મુલાકાતે ગયેલા પીએમ મોદીએ એક એવો મોટો દાવ ખેલ્યો છે, જેનાથી ચીનની ચિંતામાં જોરદાર વધારો થવાનો નક્કી છે. ભારતે ટેકનોલોજીના મામલે સુપરપાવર ગણાતા નેધરલેન્ડ સાથે સેમિકન્ડ કટર (ચિપ) સેક્ટરમાં એક મોટો અને ઐતિહાસિક કરાર કર્યો છે. હવે ભારત અને નેધરલેન્ડ મળીને ભારતમાં ચિપ મેકિંગના સપનાને નવી પાંખો આપશે.



ભારત લાંબા સમયથી ગ્લોબલ ચિપ મેન્યુફેક્ચરિંગ હબ બનવા માંગે છે. હવે આ સપનું નેધરલેન્ડની સૌથી મોટી ચિપ મેકિંગ કંપની છજીસ્ન સાથે મળીને પૂરું થશે. આ કંપનીની તાકાતનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, ASML દુનિયાની એકમાત્ર એવી કંપની છે જે એડવાન્સ ચિપ્સ બનાવવા માટે જરૂરી લિથોગ્રાફી મશીનો બનાવે છે. આ મશીન વગર તાઈવાન કે અમેરિકા જેવા દેશો પણ એડવાન્સ ચિપ બનાવી શકતા નથી.

ડચ કંપની ASML અને ભારતની ટાટા ઈલેક્ટ્રોનિક્સ વચ્ચે આ અંગે ર્ સાઈન થયા છે. આ કરાર હેઠળ ટાટા ગ્રુપ ગુજરાતના ધોલેરામાં ચિપ પ્રોડક્શન માટે રૂ. ૯૧,૦૦૦ કરોડનું રોકાણ કરી રહ્યું છે. ટાટા આ પ્લાન્ટ તાઈવાનની 'પાવરચિપ સેમિકન્ડ કટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન' (PSMC) સાથે મળીને લગાવી રહ્યું છે. હવે ડચ કંપની ASML આ પ્લાન્ટમાં એડવાન્સ લિથોગ્રાફી કમ્પોનન્ટ્સ પુરા પાડશે. સેમિકન્ડક્ટર બનાવવાની પ્રક્રિયામાં લિથોગ્રાફી સૌથી જટિલ અને ખર્ચાળ કામ ગણાય છે. ASML કંપની ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના આગામી ૩૦૦ mm (૧૨ ઈંચ) સેમિકન્ડક્ટર પ્રોડક્શનમાં ટેકનિકલ મદદ કરશે. અહીં બનનારી ચિપ્સ વૈશ્વિક સ્તરે ઓટોમોબાઈલ, મોબાઈલ ડિવાઈસીસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની જરૂરિયાતો પૂરી કરશે. હાલમાં વૈશ્વિક ચિપ માર્કેટ પર ચીનનો દબદબો છે અને તે પોતાની આ મોનોપોલીનો ઉપયોગ અવારનવાર નિકાસ પર પ્રતિબંધ મૂકીને દાદાગીરી કરવા માટે કરે છે. પરંતુ ભારતની આ એન્ટ્રીથી ચીનના એકાધિકારને સીધો પડકાર મળશે. ભારત જેવા મજબૂત દેશના આ સેક્ટરમાં આવવાથી ચીનનું વર્ચસ્વ ઘટશે. અમેરિકા અને ચીન વચ્ચેના તણાવને કારણે દુનિયાભરની ટેક કંપનીઓ ચીનના વિકલ્પ તરીકે ભારત તરફ જોઈ રહી છે. આ ડીલ ભારતને ચિપ મેકિંગમાં આત્મનિર્ભર બનાવવાની સાથે એક મોટો નિકાસકાર (Exporter) પણ બનાવશે. પીએમ મોદીના આ પ્રવાસ દરમિયાન ભારત-EU FTA (મુક્ત વ્યાપાર કરાર) વહેલી તકે લાગુ કરવા, ગ્રીન હાઈડ્રોજન, મેરીટાઈમ (સમુદ્રી ક્ષેત્ર), રિન્યુએબલ એનર્જી, ડિજિટલ ટેકનોલોજી, અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં ડચ રોકાણ વધારવા અંગે પણ સકારાત્મક ચર્ચા થઈ છે.

# ભારતે સિંધુ જળ સંધિ પર આંતર રાષ્ટ્રીય કોર્ટના ચુકાદાને ફગાવી દીધો

નવી દિલ્હી, તા.૧૭

ભારતે સિંધુ જળ સંધિને લઈને હેગ સ્થિત કથિત કોર્ટ ઓફ આર્બિટ્રેશન (CoA) ના તાજેતરના નિર્ણયને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે આ અદાલત ગેરકાયદેસર રીતે રચવામાં આવી છે અને તેનું કોઈ કાનૂની અસ્તિત્વ નથી. તેથી તેના કોઈપણ નિર્ણય, આદેશ કે કાર્યવાહીને ભારત માન્યતા આપતું નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે મીડિયાના સવાલોના જવાબમાં જણાવ્યું હતું કે ગેરકાયદેસર રીતે રચાયેલી કથિત કોર્ટ ઓફ આર્બિટ્રેશને ૧૫ મે ૨૦૨૬ ના રોજ સિંધુ જળ સંધિ હેઠળ મહત્તમ જળ સંગ્રહ ક્ષમતા (Maximum Pondage) ને લગતા મામલામાં એક કથિત નિર્ણય જાહેર કર્યો છે. તેમણે કહ્યું કે ભારત આ કથિત નિર્ણયને સંપૂર્ણપણે નકારે છે, જેમ અગાઉ આપવામાં આવેલા તમામ નિર્ણયોને ફગાવી દેવામાં આવ્યા હતા. ભારતે ક્યારેય આ અદાલતની રચનાને માન્યતા આપી નથી. આવી સ્થિતિમાં આ અદાલતની કોઈપણ કાર્યવાહી, નિર્ણય કે આદેશનું કોઈ કાનૂની મહત્વ નથી અને તે સંપૂર્ણપણે 'નલ એન્ડ વોઈડ' એટલે કે શૂન્ય અને અમાન્ય છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાનો ભારતનો નિર્ણય હજુ પણ અમલમાં છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૦ ના રોજ સિંધુ નદી પ્રણાલીના જળ ઉપયોગને લઈને આ સંધિ થઈ હતી. ભારતે ગયા વર્ષે પહલગામ આતંકી હુમલા બાદ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પોતાના સાર્વભૌમ અધિકારોનો ઉપયોગ કરીને આ સંધિને સ્થગિત કરી દીધી હતી. ભારતનું કહેવું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન સીમા પારના આતંકવાદને વિશ્વસનીય અને સ્થાયી રૂપે સમર્થન આપવાનું બંધ નહીં કરે, ત્યાં સુધી સંધિ સ્થગિત રહેશે.

વિદેશ મંત્રાલયે જૂન ૨૦૨૫ માં પણ સ્પષ્ટપણે કહ્યું હતું કે જ્યાં સુધી સંધિ સ્થગિત છે, ત્યાં સુધી ભારત આ કરાર હેઠળના કોઈપણ દાયિત્વને નિભાવવા માટે બંધાયેલું નથી. ભારતે કહ્યું કે કોઈ પણ કોર્ટ ઓફ આર્બિટ્રેશન, ખાસ કરીને આવી ગેરકાયદેસર રીતે રચાયેલી સંસ્થા, ભારતના સાર્વભૌમ અધિકારો હેઠળ લેવાયેલા પગલાંની કાયદેસરતા પર સવાલ ઉઠાવી શકે નહીં. ગયા વર્ષે પણ વિદેશ મંત્રાલયે કથિત કોર્ટ ઓફ આર્બિટ્રેશનની ટીકા કરી હતી, જ્યારે તેણે જમ્મુ-કાશ્મીરમાં કિશનગંગા અને રતલે જલવિદ્યુત પરિયોજનાઓને લઈને પોતાના અધિકાર ક્ષેત્ર પર "સપ્લીમેન્ટલ એવોર્ડ" જાહેર કર્યો હતો. ભારતે તે સમયે પણ કહ્યું હતું કે તેણે ક્યારેય આ કથિત અદાલતના કાનૂની અસ્તિત્વને સ્વીકાર્યું નથી. ભારત મુજબ, આ મધ્યસ્થતા સંસ્થાની રચના જ સિંધુ જળ સંધિનું ગંભીર ઉલ્લંઘન છે અને તેના હેઠળ કરવામાં આવેલી તમામ કાર્યવાહીઓ અને નિર્ણયો ગેરકાયદેસર છે. ભારતે પાકિસ્તાન પર આંતરરાષ્ટ્રીય મંચોનો દુરુપયોગ કરવાનો આરોપ પણ લગાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે પાકિસ્તાન દ્વારા આ "બનાવટી મધ્યસ્થતા પ્રક્રિયા" નો સહારો લેવો એ તેની લાંબા સમયથી ચાલી આવતી છેતરપિંડી અને આંતરરાષ્ટ્રીય મંચોના દુરુપયોગની નીતિનો એક ભાગ છે.

ભારતે એમ પણ કહ્યું કે પાકિસ્તાન આવા પગલાં દ્વારા આતંકવાદના વૈશ્વિક કેન્દ્ર તરીકેની પોતાની જવાબદારીમાંથી બચવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે વેપારના ક્ષેત્રમાં મનને અનુકૂળ ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

**વૃષભઃ** પત્નીને સમસ્યા સર્જાતા ભાગદોડ થઈ શકે છે અને શરીરની પીડાના કારણે વધુ ખર્ચા થઈ શકે છે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેની પહેલાં મિલકતના તમામ કાયદાકીય પાસાઓ ધ્યાનમાં લો.

**મિથુનઃ** આજે તમારી આર્થિક બાજુ મજબુત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામો પૂરા થશે. પ્રિયજનોને મળશો. વાણી ઉપર સંયમ ના રાખવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ શકે છે. સાંજે પ્રિયજનોને મળવાનું આનંદકારક રહેશે.

**કર્કઃ** આજનો દિવસ પરોપકાર્યમાં વિતાવશો, જેમાં તમને માનસિક શાંતિ પણ મળશે. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક પરિવર્તન આવી શકે છે, આને કારણે તમારા સાથીઓનો મુડ બગડી શકે છે.

**સિંહઃ** આજે ઘર માટે ઉપયોગી વસ્તુ પર પૈસા ખર્ચ થશે. આજે કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ફસાઈ શકે છે. આજે કોર્ટમાં જવું પડી શકે છે.

**કન્યાઃ** પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સારા નસીબનો સાથ બપોર સુધી મળશે, આનંદદાયી સારા સમાચાર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

**તુલાઃ** આજે શિક્ષણ અને પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. આવકના નવા સ્રોત સર્જાશે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ આદર આપશે. વધુ પડતી ભાગદોડને લીધે, પ્રતિકૂળ હવામાનની અસર સ્વાસ્થ્ય પર થઈ શકે છે.

**વૃશ્ચિકઃ** વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીકની અને દૂરની યાત્રા પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે.

**ધનઃ** પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી, કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ ખર્ચ ટાળો. સાંજથી રાત સુધી વાહનોના ઉપયોગમાં સાવધાની રાખવી.

**મકરઃ** રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચનશક્તિ અને આંખની સમસ્યાની સંભાવના છે.

**કુંભઃ** આજે તમને વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે અને ધનપ્રાપ્તિનો પણ યોગ છે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણયથી પાછળથી પસ્તાવો આવી શકે છે.

**મીનઃ** આજે વૃદ્ધોની સેવા કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે વિરોધીઓ માટે માથાનો દુઃખાવો બની રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલી રહેશે. સાંજથી રાત્રિ સુધીનો સમય દર્શન અને પ્રિયજનો સાથે આનંદમાં વિતાવશો.

# અધિકસ્ય અધિકમ ફળમઃ પુરુષોત્તમ માસ-ભક્તોના દુઃખ હરનાર પરમાત્માનો કૃપા-કલશ અને મળમાસનું પુરુષોત્તમમાં રૂપાંતર



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

દિવસ,રાત,પખવાડિયાં,મહિના, વર્ષો અને યુગો કાળનું ચક્ર અવિરત ચાલ્યા કરે છે. આબધાં સમયનાં પગલાં છે. છતાં ક્યારેક કાળના આ હિસાબમાં એકએવો મહિનો ઉમેરાઈ જાય છે જેને જગત 'વધારાનો', 'મળમાસ' કે 'ખાલી માસ' કહીને ધુત્કારી કાઢે છે. સૂર્ય એક જ રાશિમાં સ્થિર રહે, એટલે લોકો એને અશુભ ગણીને સત્કર્મોથી દૂર રહે. જે મહિનો કોઈને જોઈતો ન હતો, જેનો કોઈ આશ્રયદાતા ન હતો, એ જ મહિનો પરમાત્માની કૃપાથી 'પુરુષોત્તમ માસ' બની ગયો. આ કથા માત્ર એક માસની નથી, આપણા જીવનની છે. સમાજે ધુત્કારેલો,ભાગ્યે હડસેલો મારેલો જીવ જ્યારે શ્રીવિષ્ણુના શરણે જાય,ત્યારે તે 'પુરુષોત્તમ' બની જાય છે.

આ પાવન પ્રસંગનો પ્રારંભ થાય છે નૈમિષારણ્યની પુણ્યભૂમિથી. શૌનકાદિ ઋષિઓ સૂતજીને વિનંતી કરે છે કે,×હે મહાભાગ્ય શાળી સૂત!નરના મિત્ર નારાયણે નારદજીને જે કલ્યાણકારી વચન કહ્યું હોય તે અમને સંભળાવો.× સૂતજીનો પ્રત્યુત્તર આપણને સીધા કામ્યક વનમાં લઈ જાય છે,જ્યાં પાંડવો વનવાસનું દુઃખ ભોગવી રહ્યા છે. દુર્યોધનના કપટથી રાજ્ય,સંપત્તિ અને સન્માન ગુમાવીને બેઠેલા પાંડવો,અને સભા વચ્ચે ચીર હરણનું અપમાન સહન કરનારી સતી દ્રૌપદીએ સૌના હૃદયમાં વ્યથા છે.

એ જ સમયે ભક્તવત્સલ શ્રી કૃષ્ણ મુનિઓ સહિત પાંડવોને મળવા પધારે છે.નકુલ-સહદેવ ચરણોમાં નમે છે.દુઃખથી કૃશ સતી દ્રૌપદી પણ સ્વસ્થ થઈ પ્રભુને વંદન કરે છે.પોતાના ભક્તોની દશા જોઈને શ્રીકૃષ્ણ ના શરીરમાં પ્રલયકારી ક્રોધ જાગે છે. તેમનું મુખ કરોડો કાળ જેવું વિકરાળ બને છે.ત્રણે લોક ને બાળી નાખવાની ઈચ્છાથી તેઓ હોઠ કરડે છે.આ રૌદ્ર સ્વરૂપ જોઈને વીર અર્જુન પણ ધ્રુજી ઊઠે છે અને હાથ જોડી સ્તુતિ કરે છેઃ×હે કૃષ્ણ!મે તો સર્વ કારણોના કારણ છો.તમારા જ સર્જેલા જગતનો નાશ શા માટે?ઘરના મચ્છર બાળવા કોઈ પોતાનું ઘર બાળે ખરું? ક્રોધ શાંત કરો.×

ભક્તની પ્રાર્થનાથી ભગવાન તરત ચંદ્ર જેવા સૌમ્ય થઈ જાય છે. આ પ્રસંગ આપણને પ્રભુના હૃદયનો પરિચય આપે છે. શ્રીકૃષ્ણ પોતે કહે છેઃ×હે કૌન્તેય! હું પરમાત્મા હોવા છતાં સર્વ દુઃખ સહન કરી લઉં છું, પણ મારા ભક્ત પર રાઈ જેટલું દુઃખ પણ હું સહન કરી શકતો નથી. ભક્તોના દુઃખ દૂર કરવા જ હું યુગેયુગે અવતરું છું.×ત્યારે અર્જુન પૂછે છે, ×પ્રભુ,અમારા દુઃખનો ઉપાય શું?× શ્રીકૃષ્ણનો ઉત્તર સનાતન ધર્મનું સાર છે×. દરેક જીવે કર્મનું ફળ ભોગવવું પડે છે.કર્મબંધનમાંથી મુક્ત થવા જપ,તપ,વ્રત,ઉપ વાસ કથા-શ્રવણ,દાન-ધર્મ જેવાં પુણ્યકર્મો




કરવા જોઈએ. આથી આત્માનિઃસ્પૃહ અને પવિત્ર બને છે.×અને ત્યારબાદ તેઓ અધિક માસનું રહસ્ય ખોલે છે.×થોડા સમયમાં અધિક માસ આવશે. તેમાં પૂર્ણ શ્રદ્ધાથી વ્રત-જપ-દાન કરશો તો ગયેલું રાજ, સમૃદ્ધિ અને સુખ પાછું મળશે.×

અહીંથી કથા એક અદ્ભુત વળાંક લે છે.અર્જુન પૂછે છે કે આ અધિક માસ શું છે? ત્યારે શ્રીકૃષ્ણ મળમાસની મહિના,પખવાડિયા, વર્ષો બધા પોતાના ગુણથી પૂજાય છે. પણ એક વધારાનો માસ ઉત્પન્ન થયો. સૂર્ય સંક્રાંતિ વિનાનો હોવાથી લોકો તેને 'મળ' કહીને ધિક્કારે. કોઈ શુભ કાર્ય ન કરે. સર્વત્રથી હડધૂત થયેલો, નિરાશાથી ભરેલો એ મળમાસ છેવટે વૈકુંઠમાં લક્ષ્મીપતિ શ્રીવિષ્ણુના શરણે ગયો અને રડતાં રડતાં પોતાની વેદના કહી.

જેને જગતે ત્યજ્યો, તેને પુરુષોત્તમે અપનાવ્યો.ભગવાને મળમાસને પોતાનું નામ 'પુરુષોત્તમ' આપ્યું. કહ્યું કે આજથી તું સર્વ માસોમાં શ્રેષ્ઠ છું. તારામાં કરેલું સ્નાન, દાન, જપ, વ્રત અન્ય મહિનાઓ કરતાં હજાર ગણું ફળ આપશે. જે માસની નિંદા થતી હતી, તે પ્રભુના સ્પર્શથી સૌથી વંદનીય બની ગયો.આ જ ભક્તિનો સિદ્ધાંત છે.શરણે આવેલા દીનને પ્રભુ પોતાનું સ્વરૂપ આપી દે છે.

આ પુરુષોત્તમ માસનો મહિમા માત્ર પુરુષો પૂરતો સીમિત નથી. કૈલાસ પર સતી અરુંધતી જ્યારે પાર્વતીજીને પુછે છે કે, ×અખંડ સૌભાગ્ય અને સંતતિ માટે આ માસમાં કયું વ્રત કરું?× ત્યારે જગદંબા 'મેના વ્રત'નું રહસ્ય કહે છે.પાર્વતીજીનાં માતા મેનાવતીજીને દુઃખ હતું કે દીકરી તો જગતપૂજ્ય છે, પણ માતા તરીકે તેમને કોઈ ઓળખતું નથી. ત્યારે પાર્વતીજીએ વરદાન આપ્યું કે પુરુષોત્તમ માસની શુકલ ત્રીજ'મેના ત્રીજ' કહેવાશે.જે નરનારી શ્રદ્ધાથી પુત્ર-પતિ સહિત હાથી પર બેઠેલાં મેનાદેવીનું પૂજન કરશે, તેના સર્વ મનોરથ પૂર્ણ થશે. સ્ત્રીને અખંડ સૌભાગ્ય મળશે, દરિદ્રતા નષ્ટ થશે, અને અંતે વૈકુંઠની પ્રાપ્તિ થશે.

આમ,આ કથા ત્રણ સ્તરે આપણને માર્ગ બતાવે છે. પ્રથમ, ભગવાન ભક્તના દુઃખે દુઃખી થાય છે. આપણે માત્ર શરણાગતિ રાખવાની છે. દ્વિતીય, કર્મનો સિદ્ધાંત અટલ છે, પણ પુરુષોત્તમ માસ જેવા કૃપાકાળમાં કરેલું સત્કર્મ કર્મબંધનને શિથિલ કરી દે છે. ★તૃતીય,જગત જેને 'નકામું' ગણે છે, તેને પ્રભુ 'ઉત્તમ' બનાવી દે છે. આપણું જીવન પણ જો મળમાસ જેવું નિરાશા ભર્યું લાગતું હોય,તો તેને શ્રીવિષ્ણુના ચરણે ધરી દો.આ પ્રસ્તાવના માત્ર કથાનો પરિચય નથી,પણ એક આમંત્રણ છે. પુરુષોત્તમ માસમાં પ્રવેશ કરીને પોતાના જીવનને'પુરુષોત્તમ' બનાવવાનું આમંત્રણ.આવો, આ માસમાં જપ કરીએ,દાન કરીએ, કથા સાંભળીએ અને મેના વ્રત દ્વારા જગદંબાની કૃપા પ્રાપ્ત કરીએ. કારણ કે જે મહિનામાં પ્રભુએ પોતે પોતાનું નામ આપ્યું છે, તે મહિનો આપણા જીવનની દિશા બદલી શકે છે.અસ્તુ.

# રાજસ્થાનમાં બનાસકાંઠાના યાત્રાળુઓને નડ્યો ગમખ્વાર અકસ્માત: ૩ ના કમકમાટીભર્યા મોત

રાજસ્થાનના રણુજામાં બાબા રામદેવના દર્શન કરી પરત ફરી રહેલા બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થાવર ગામના પરિવારને કાળમુખો અકસ્માત નડ્યો છે. બાલોતરા જિલ્લાના આસોતરા નજીક ભારતમાલા હાઈવે પર દોડતી સ્કોર્પિયો કાર સામે અચાનક નીલગાય આવી જતાં સર્જાયેલી દુર્ઘટનામાં ગામના ત્રણ આશાસ્પદ યુવકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે.

આ ભયાનક અકસ્માતમાં કાર સવાર અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થતા તેમને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જોધપુર ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા જ ધાનેરાના થાવર ગામમાં માતમ છવાઈ ગયો છે અને ચૌધરી સમાજ સહિત સમગ્ર પંથકમાં શોકની લહેર ફરી વળી છે.

રાજસ્થાનના રણુજાથી દર્શન કરીને પરત ફરી રહેલા બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થાવર ગામના યાત્રાળુઓની સ્કોર્પિયોને ગમખ્વાર અકસ્માત નડ્યો છે. બાલોતરા જિલ્લાના આસોતરા પાસે ભારતમાલા રોડ પર દુર્ઘટના બની છે. કાર સામે અચાનક નીલગાય આવી જતાં તેને બચાવવાના પ્રયાસમાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો, જેને પગલે કાર રોડ પર પલટી ખાઈ ગઈ હતી.

આ ભયાનક અકસ્માતમાં ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને નાહટા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જોધપુર રીફર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, ધાનેરા તાલુકાના થાવર ગામના શ્રદ્ધાળુઓ રાજસ્થાન સ્થિત રણુજા ખાતે દર્શન કરવા માટે ગયા હતા. દર્શન પતાવીને તમામ લોકો કાર દ્વારા પરત ઘરે ફરી રહ્યા હતા. આ દરમિયાન ભારતમાલા હાઈવે પર એકાએક એક નીલગાય સ્કોર્પિયોની સામે આવી ગઈ હતી. નીલગાયને બચાવવા જતાં કાર ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને સ્કોર્પિયો પલટી મારી ગઈ હતી.

અકસ્માત એટલો સર્જાયો હતો કે કારમાં સવાર થાવર ગામના ૩ શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઊડી ગયા હતા. જ્યારે અન્ય ૩ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત ની જાણ થતાં જ થાવર ગામ સહિત મૃતકોના પરિવાર માં ભારે શોકનો માહોલ વ્યાપી ગયો છે.





## રણુજા દર્શન કરીને પરત ફરતી વખતે બાલોતરા પાસે ભારતમાલા રોડ પર નીલગાય આડી ઉતારતા સ્કોર્પિયો કાર પલટી ગઈ; ૮ વર્ષના બાળક સહિત ૩ ગંભીર ઈજાગ્રસ્ત

**મૃતક**
અજમલભાઈ ગણેશભાઈ ચૌધરી (ઉ.વ.૩૫)
હિતેશભાઈ દેવરણભાઈ ચૌધરી (ઉ.વ.૩૨)
યોગેશભાઈ ઈશ્વરભાઈ ચૌધરી (ઉ.વ.૧૮)

**ઈજાગ્રસ્તોના નામ**
અશોક ચૌધરી (ઉ.વ.૨૬)
કમલેશ ચૌધરી (ઉ.વ.૩૦)
આયુષ ચૌધરી, (ઉ.વ.૮)

# શક્તિપીઠ બહુચરાજીમાં ભક્તોને ગરમીથી મળશે મુક્તિ: મંદિર પરિસરમાં શરૂ કરાઈ આધુનિક 'મિસ્ટ ફોગિંગ સિસ્ટમ'



રાજ્યભરમાં અત્યારે આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવી કાળઝાળ ગરમી પડી રહી છે, જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. આવી અસહ્ય ગરમી વચ્ચે સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજી ખાતે દર્શનાર્થે આવતા હજારો ભક્તો માટે રાહતના સમાચાર આવ્યા છે. મંદિર વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને લૂ અને તાપથી બચાવવા માટે સમગ્ર પરિસરમાં ખાસ 'મિસ્ટ ફોગિંગ સિસ્ટમ' કાર્યરત કરવામાં આવી છે. આ વ્યવસ્થાને કારણે ધોમધખતા તડકામાં પણ ભક્તો હવે ઠંડક સાથે માતાજીના દર્શન કરી શકશે.

રાજ્યભરમાં આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. આવી આકરા તાપની સ્થિતિ વચ્ચે પ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજીથી ભક્તો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. મા બહુચરના દર્શને આવતા શ્રદ્ધાળુઓને કાળઝાળ ગરમીથી બચાવવા માટે મંદિર વહીવટી તંત્ર દ્વારા એક અદભુત અને પ્રશંસનીય વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

શક્તિપીઠ બહુચરાજીમાં દરરોજ હજારો ભક્તો માતાજીના ચરણોમાં શીશ ઝુકાવવા માટે આવે છે. પરંતુ હાલમાં પડી રહેલી અસહ્ય અને ધોમધખતી ગરમીના કારણે અહીં આવતા યાત્રિકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ભક્તોની આ તકલીફ અને શારીરિક હાલાકીને સમજીને મંદિર તંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું છે. મંદિર પરિસરમાં ખાસ પ્રકારની 'મિસ્ટ ફોગિંગ સિસ્ટમ' એટલે કે હવામાં ઠંડા પાણીનો છંટકાવ કરતા ફુવારા લગાવવામાં આવ્યા છે. હવે અહીં આવતા દરેક ભક્ત પર, ખાસ કરીને બપોરના સમયે, આ સિસ્ટમ દ્વારા ઠંડા પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે, જે અસહ્ય તડકામાં પણ ભક્તોને શીતળતાનો અહેસાસ કરાવી રહી છે.મંદિર તંત્રની આ આગવી વ્યવસ્થાથી દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. મંદિરે પહોંચેલા ભક્તોએ વહીવટી તંત્રનો આભાર માનતા જણાવ્યું હતું કે, બહાર એટલી ગરમી હતી કે ખુલ્લા પગે ચાલવું પણ મુશ્કેલ હતું, પરંતુ મંદિરમાં પ્રવેશતાની સાથે જ ઠંડા પાણીનો છંટકાવ શરૂ થતાં આખો થાક ઉતરી ગયો હતો. માતાજીના દર્શનની સાથે ગરમીથી આવી અદભુત રાહત મળતા ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે. આવી આકરી ગરમીમાં જ્યારે સામાન્ય રીતે લોકો ઘરમાંથી બહાર નીકળવાનું ટાળતા હોય છે, ત્યારે ભક્તોની સુવિધા માટે આ ઠંડકભરી વ્યવસ્થા ખરેખર સરાહનીય સાબિત થઈ રહી છે. ગરમી ગમે તેટલી હોય, પરંતુ માના દરબારમાં પહોંચતા જ ભક્તોને હવે શીતળતા મળી રહી છે.

# બેચરાજી પત્નીના નામે ખાતું ખોલાવી રૂ.૧.૦૭ કરોડનું શંકાસ્પદ ટર્નઓવર કરનાર હીરેન પટેલની જામીન અરજી કોર્ટે ફગાવી



મહેસાણા અર્બન બેંકની બેચરાજી શાખામાં પોતાની પત્નીના નામે ખોલાવેલા સેવિંગ્સ ખાતાનો દુરુપયોગ કરી કરોડો રૂપિયાનું શંકાસ્પદ ટર્નઓવર કરનાર આરોપી હીરેન લક્ષ્મણભાઈ પટેલની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે. આરોપીએ જેલમાંથી બહાર આવવા માટે આફ્ટર ચાર્જશીટ રેગ્યુલર જામીન મેળવવા અરજી કરી હતી, જેની સુનાવણી બાદ મહેસાણા સેશન્સ કોર્ટના જજ એમ.એફ. ખત્રીએ આ નિર્ણય સંભળાવ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી હીરેન પટેલે તેની પત્ની પ્રેમિલાબેનના નામે ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ ખાતું ખોલાવ્યું હતું. આ ખાતામાં ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ સુધીના માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં કુલ રૂ૧,૦૭,૨૦,૮૪૨નું શંકાસ્પદ ડેબિટ અને ક્રેડિટ ટર્નઓવર કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન સાયબર ફ્રોડના રૂ૧૬.૬૮ લાખ સહિત કુલ રૂ૧.૦૭ કરોડની રકમ કેશ અને ચેક દ્વારા ઉપાડી લઈને ગુનાહિત પ્રવૃત્તિ આચરવામાં આવી હોવાનું ખૂલતાં બેચરાજી પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ પરેશકુમાર દવેએ ધારદાર દલીલો રજૂ કરતા જણાવ્યું હતું કે, આરોપીએ પોતાની પત્નીના બેંક એકાઉન્ટનો દુરુપયોગ કરીને એક કરોડ રૂપિયાથી વધુનું મોટું કૌભાંડ આચર્યું છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓને પકડવાના હજુ બાકી છે, તેમજ આ સાયબર ફ્રોડના તાર અન્ય રાજ્યો સાથે પણ જોડાયેલા છે જ્યાં ફરિયાદો નોંધાયેલી છે. સરકારી વકીલની આ દલીલો અને ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને સેશન્સ કોર્ટે આરોપી હીરેન પટેલની રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી હતી.

# મહેસાણામાં સતત ત્રીજા દિવસે પેટ્રોલ-સીએનજી માટે હાહાકાર



ઈંધણની સપ્લાય ચેઈન ખોરવાતાં ત્રીજા દિવસે પણ મહેસાણા શહેરમાં પેટ્રોલ અને સીએનજીને લઈ અફરાતફરીનો માહોલ જોવા મળ્યો. કેટલાક પેટ્રોલ પંપો પર સ્ટોક ખુટી પડતાં નજીકના પંપ પર વાહનોની લાઈનો લાગી હતી. જેથી વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

શહેરના વિસનગર લિંક રોડ પરના એક પેટ્રોલ પંપ પર સીએનજી અને પેટ્રોલ ભરાવવા વાહનોની લાઈનો જોવા મળી હતી. રાધનપુર રોડ સ્થિત પેટ્રોલ પંપે પેટ્રોલનો સ્ટોક ન હોઈ સ્ટોક નથીનું બોર્ડ લગાવ્યું હતું. અહીં શુક્રવારે સાંજના ૫ વાગ્યે ટેંકર આવ્યું હતું, પરંતુ ભારે માંગને કારણે રાત્રે ૧૦ વાગ્યે જ સ્ટોક સમાપ્ત થઈ ગયો હતો.

રાધનપુર રોડ પર અન્ય એક પેટ્રોલ પંપે પણ વાહનોની ભીડ હતી. ટેંકર પહોંચી ગયું હોવા છતાં ભીડ વધુ હોવાથી સુરક્ષાને ધ્યાને રાખી ટેંકરને થોડા સમય માટે સ્ટેન્ડ બાય રખાયું હતું. સંચાલકના જણાવ્યા મુજબ, લોકોની ભીડ ઘટશે ત્યારે ટેંકર ખાલી કરીશું. જ્યારે હાઈવે પર આવેલા એક પેટ્રોલ પંપે બોટલ કે કેરબામાં પેટ્રોલ અને ડીઝલ આપવામાં આવશે નહીં તેવું બોર્ડ માર્યું હતું. આ સ્થિતિને લઈ વાહન ચાલકો એક પેટ્રોલ પંપથી બીજે જઈ ઈંધણ મેળવી રહ્યા હતા. રાધનપુર રોડ સ્થિત પેટ્રોલ પંપે પેટ્રોલનો સ્ટોક ન હોઈ સ્ટોક નથીનું બોર્ડ લગાવ્યું હતું.

# કડીના આંબલીયારામાં જુથ અથડામણ,૧૨ શખ્સો સામે ગુનો નોંધાયો



કડી તાલુકાના આંબલીયારા-બપીયારા રોડ પર સામાન્ય બોલાચાલી અને પોલીસમાં બાતમી આપવાના વહેમને લઈ બે જૂથો વચ્ચે ધોળેદહાડે હિંસક અથડામણ સર્જાઈ હતી. રસ્તો રોકી લાકડીઓ, ધોકા અને લોખંડની પાઈપોથી એકબીજા પર કરાયેલા હુમલામાં ૬ લોકોને ઈજાઓ પહોંચી હતી. બાવલુ પોલીસે બંને પક્ષોના ૧૨ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી છે.

આંબલીયારા ગામના અમરસંગ ઉર્ફે સતિષજી તખાજી ઠાકોરે સવારે ગામના જ નિખીલજી ભીખાજી ઠાકોરને એક્ટિવા લઈને વારંવાર પાર્લર પાસેથી આંટા મારવા બાબતે ઠપકો આપ્યો હતો. આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મામલો વધતાં ૧૧૨ પર જાણ કરી હતી અને બંને પક્ષો બાવલુ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.પોલીસ સ્ટેશનથી પરત ફરતી વખતે બપીયારા ટોપલાઈન કંપની નજીક નિખીલજી અને તેના સાથીદારોએ સ્વિફ્ટ કાર આડી મૂકી અમરસંગ ઠાકોર અને તેમના પરિવારની ગાડીઓ રોકી હતી અને લાકડીઓ અને ધોકા વડે હુમલો કરી ગાડીઓના કાચ તોડી નાખ્યા હતા. હુમલામાં અમરસંગ ઠાકોર, રવાજી કાળાજી, હરેશજી, રાજેશજી અને અગરસિંહને ઈજાઓ પહોંચી હતી.

# સિદ્ધપુરમાં વસ્તી ગણતરી ૨૦૨૭નો પ્રારંભ



સિદ્ધપુરમાં વસ્તી ગણતરી ૨૦૨૭ અંતર્ગત સ્વગણના (સેલ્ફ એન્યુમરેશન) પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂતે પ્રથમ નાગરિક તરીકે પોતાની વિગતો નોંધાવીને આ ડિજિટલ સુવિધાનો શુભારંભ કરાવ્યો. ભારત સરકારની આ ઓનલાઈન પહેલ ૧૭ મે થી ૩૧ મે દરમિયાન કાર્યરત રહેશે.

આ પહેલ હેઠળ નાગરિકો ઘરે બેઠા પોતાના પરિવારની વિગતો ઓનલાઈન નોંધાવી શકશે. આ ડિજિટલ પ્રક્રિયા સમયની બચત કરશે અને માહિતીની ચોકસાઈ તથા ગોપનીયતા જાળવવામાં મદદરૂપ થશે.

દેશના વિકાસ અને સુશાસન માટે વસ્તી ગણતરી અત્યંત મહત્વપૂર્ણ છે. આ રાષ્ટ્રીય ઝુંબેશ અંતર્ગત વિધાનસભા વિસ્તારના તમામ નાગરિકોને વસ્તી ગણતરી ૨૦૨૭માં સક્રિય સહભાગી બનવા અને સ્વગણના દ્વારા પોતાની વિગતો ઓનલાઈન નોંધાવવા માટે આહવાન કરવામાં આવ્યું છે.

વસ્તી ગણતરી દ્વારા એકત્રિત થતી માહિતી સરકારને શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને રહેણાંક સહિતની જનકલ્યાણની યોજનાઓ વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવામાં સીધી રીતે મદદરૂપ બને છે. વિકસિત ભારતના નિર્માણમાં ભાગીદાર બનવાના ઉદ્દેશ્ય સાથે આ 'સ્વગણના' અભિયાન શરૂ કરાયું છે.

Volume : 11 Issue :31 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002